INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                 તા. ૦૮-૦૯-૨૦૨૬

- **ઈસ્કોન જંક્શન થી સાણંદ ચોકડી એલીવેટેડ કોરીડોર નેશનલ હાઈવેના કોન્ટ્રાક્ટરને કરોડો રૂપિયાના ફાયદા અને સરકારની તિજોરીને ચૂનો લગાવનાર સામે તાત્કાલીક પગલા ભરવા માંગ : ડૉ. મનિષ દોશી**
- **નબળી ગુણવત્તાના નેશનલ હાઈવે બનાવનાર કોન્ટ્રાક્ટરની જવાબદારી નક્કી કરો : ડૉ. મનિષ દોશી**

નેશનલ હાઈવે વિભાગ દ્વારા ઈસ્કોન જંકશન થી સાણંદ ચોકડી સુધી એલીવેટેડ કોરિડોર બનાવવાની કામગીરી હાલમાં મંથરગતિએ ચાલી રહે છે. જેની સમય મર્યાદા જુન 2026 માં પૂર્ણ થયેલ છે છતાં હજુ આ કામ ક્યારે પૂર્ણ થશે તે કોઈ ગેરંટી સાથે કહી શકતું નથી. ત્યારે નેશનલ હાઈવેના કોન્ટ્રાક્ટરને કરોડો રૂપિયાના ફાયદા અને સરકારી તિજોરીને ચૂનો લગાવનાર સામે તાત્કાલીક તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, તાજેતરના અમદાવાદ માં થયેલ ભારે વરસાદને કારણે એસજી હાઇવે ઉપર ઠેક ઠેકાણે પાણી ભરાયેલા હતા. આ પરિસ્થિતિ અમદાવાદમાં ઘણી જગ્યાએ હતી. એસજી હાઇવે ઉપર નેશનલ હાઇવે ના ઈસ્કોન જંકશન થી સાણંદ ચોકડી વચ્ચે એક વર્ષ પહેલા બનાવેલ સર્વિસ રોડ તથા તેના સમાંતર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સર્વિસ રોડ એમ બંને જગ્યાએ પાણી ભરાયેલ હતા, નેશનલ હાઈવે વિભાગના સર્વિસ રોડ ઠેક ઠેકાણે ધોવાઈ ગયેલ છે અને મોટું નુકસાન થયેલ છે જે કામની નબળી ગુણવત્તા હોવાનું સાબિત કરે છે.

આ સર્વિસ રોડનું નુકસાન અને તેનું રીપેરીંગ કોન્ટ્રાક્ટરના ખર્ચે જ કરાવવાનું રહે છે. પરંતુ હજુ સુધી કોઈ રીપેરીંગ પણ ચાલુ થયાનું જણાયેલ નથી અને રોજની અસંખ્ય ગાડીઓ આ ખાડામાં પછડાઈને જાય છે જેથી લોકોના વાહનોને પણ નુકસાન થી રહ્યું છે. આ સર્વિસ રોડનું રીપેરીંગ અને ડામર કામ કેમ થતું નથી ?

નેશનલ હાઈવે નો સર્વિસ રોડ મોટા ભાગની લંબાઈમાં ધોવાઈ ગયેલ હોવા છતાં કોન્ટ્રાક્ટર વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવાના બદલે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ભ્રષ્ટ અધિકારીઓ ભેગા થઈને કોન્ટ્રાક્ટરની ભૂલ ને કોઈ ખાસ કારણોસર છાવરી રહ્યાં છે અને હવે મંજુર થયેલ ટેન્ડરની જોગવાઈ ન હોવા છતાં વધારાનું કામ સિમેન્ટ કોંક્રીટ નો રોડ બનાવવાના રૂપે વર્તમાન કોન્ટ્રાક્ટરને મોટો નાણાકીય ફાયદો આ અધિકારીઓ ભેગા થઈને કરાવી રહેલ છે જેની સીબીઆઇ તપાસ થવી જરૂરી છે કારણ કે મંજુર થયેલા ટેન્ડરની જોગવાઈ મુજબ કામ કરાવવાને બદલે વધારાનું કામ આપીને ક્યાં સંજોગોમાં આ અધિકારીઓએ આવો નિર્ણય લીધેલ છે?

નેશનલ હાઈવે વિભાગના અધિકારીઓએ ચાલુ ટેન્ડરમાં જે કોન્ટ્રાક્ટરની જવાબદારીમાં આવે છે તે કોન્ટ્રાક્ટરે નબળું બાંધકામ કરેલ છે જેના કારણે રસ્તો ધોવાઈ ગયેલ છે તેના કારણોની તપાસ કર્યા સિવાય અને જે રસ્તો ધોવાઈ ગયેલ છે તે મંજુર થયેલા ટેન્ડરમાં જણાવ્યા મુજબ સદર કોન્ટ્રાક્ટરને તેના ખર્ચે અને જોખમે કામ કરાવવાના બદલે આશરે ૨૦ કરોડથી ઉપરની રકમ ના સિમેન્ટ કોંક્રેટનો નવો રોડ બનાવવાના નિર્ણયને કોણે મંજૂરી આપી? અને આ બાબતે કોણ જવાબદાર છે તેની વિગતો સરકારશ્રી તાત્કાલીક જાહેર કરે અને જવાબદાર અધિકારીઓ વિરુધ્ધ કોન્ટ્રાક્ટરને મદદગારી કરવાના આરોપસર જરૂરી કાર્યવાહી પણ કરવામાં આવે. ટેન્ડરની જોગવાઈ મુજબ બાકીની કામગીરી પૂર્ણ કરી આ કોરિડોર વહેલી તકે જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવે અને વારંવાર નવી કામગીરીઓ ઉમેરીને ઠેકેદારને દંડની રકમમાંથી બચાવવાનું પણ આ ઉપરી અધિકારીઓનું કારસ્તાન છે જેની પણ તટસ્થ તપાસ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા